# ‘નિયાંપો’

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૧    અંક : ૨૬૬



પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હિરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદકો
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

કાર્યાલય
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
**email : hydkmm@gmail.com**



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



“નિયાંપો” માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

કીર્તિકુમાર ટોકરશી કાપડિયા

જયજીનેન્દ્ર....

સમસ્ત ભારતવર્ષ તેમજ દુનિયાભરમાં જ્યાં જ્યાં ગુજરાતી વસે છે ત્યાં ત્યાં નવરાત્રીના તહેવારની ઉત્સાહપૂર્વક ઉજવણી થઇ ગઇ છે. ખેલૈયાઓ વિવિધ રંગબેરંગી વસ્ત્ર–પરિધાન દ્વારા આનંદ સભર દાંડીયા–ગરબા ની ધૂમ મચાવી. સર્વે સભાસદોને આ પવિત્ર તહેવારની શુભકામના...

સમાજની પ્રગતિની આવશ્યક્તાને દરેક સભાસદો સમજે એ જરૂરી છે. જુથબંધી અને ડીવાઇડ એન્ડ રૂલ દ્વારા સમાજની પ્રગતિ રૂંધાઇ ન જાય તે દરેક સભ્યોએ સમજવું જરૂરી છે, આવી પદ્ધતિ દ્વારા સમજમાં સક્રિય થનાર પરિબળોને રોકવા જરૂરી છે.

સમાજની અર્થ વ્યવસ્થાને નુકસાન ન થાય તે જોવાની જવાબદારી આપણી સૌની છે. આપણા વડિલોએ સમાજને ઉત્કૃષ્ટ સ્થાને પહોંચાડવા માટે તન–મન–ધનથી સીંચીને વટવૃક્ષ બનાવ્યું તેને નવપલ્લવિત રાખવું આવશ્યક છે. સમાજમાં જુથ બંધી તથા ડીવાઇડ એન્ડ રૂલ ના કારણે સાચા અને સમાજ માટે કાંઇક કરી છુટવાની ભાવના રાખનાર સભ્યો સક્રિય રહી શક્તા નથી, પરંતુ સમાજથી દુર થતા જાય છે.

આપ કમાઇ કે બાપ કમાઇની વ્યાખ્યાને દુર રાખીને સારા કાર્યકર્તાઓને પ્રોત્સાહન આપીએ એ આવશ્યક છે. મોદી સરકારની સ્વચ્છતા અભિયાનની જેમ સ્વચ્છ અને સ્વસ્થ સમાજ દરેક સભ્યો માટે આશિર્વાદ રૂપ બની શકે છે.

દિપાવલી તેમજ નૂતન વર્ષ આપ સૌના જીવનમાં શાંતિ–સમૃદ્ધી–સ્વસ્થ જીવન દ્વારા સુખમય બને તેવી શુભેચ્છા–શુભકામના..

જયહિંદ



**સર્વ સભ્યોને મંડળ વતિ**
**દિવાળીની શુભકામના તથા**
**નૂતન વર્ષાભિનંદન...**



**આ માસની ડાયરી**

૧) ૧૫–૧૦–૨૦૧૭ યુવા સમિતિ    ટ્રેશરહંટ કાર્યક્રમ

હવે આપ વેબ સાઈટ ઉપર “નિયાંપો” વાંચી શકો છો
**www.shrikutchimitramandal.org**



## સંપાદકીય

દર્શના દિનેશ દેઢિયા
રમેશ મણીલાલ શાહ

જય જિનેન્દ્ર,

આપ સૌને દિવાળીની ખુબ ખુબ શુભકામાનાઓ તેમજ કારતક સુદ ૧, ૨૦૭૪ થી બેસતું નવું વર્ષ તમને અને તમારા પરિવારને સુખ, શાંતિ, સમૃદ્ધિ સાથે સારૂં સ્વાસ્થય અર્પે એજ પ્રાર્થના..

પરિવારમાં, સામાજીક સંસ્થાઓમાં, ઓફિસોમા કે રાજદ્વારી ગલીઓમાં સંબંધો જાળવવા બહુજ મહત્વનું છે. સંબંધો સારા હોય તો અરસપરસ મિઠાસ રહે અને કરવાના કાર્યો સહમતિથી સારા થઇ પ્રગતિ સધાય છે. પણ જોવામાં આવ્યું છે કે મનુષ્ય સ્વભાવમાં રહેલો ''અહ્મ અને અજ્ઞાનતા'' ... ઘણીવાર બાધારૂપ બને છે. ઘરમાં ભાઇયો વચ્ચે, દેરાણી જેઠાણી વચ્ચે, સામાજીક સંસ્થાઓમાં પદવી માટે, ઓફિસમાં પ્રમોશન માટે, તેમજ પોલિટિક્સમાં વિરોધીઓને પછાડી આગળ વધવા માટે અહ્મ એ એક મોટો વિલન છે.

આજ્ઞાનતા પણ સંબંધોમાં ખટાશ લાવવામાં મોટો ભાગ ભજવે છે. દાખલા તરીકે સામે વાળી વ્યક્તિએ અમુક પગલા લીધા હોય જે તમારા ફાયદા માટે હોય પણ તેનાથી તમે અજાણ હો, ત્યારે ક્યારેક ગેરસમજના કારણે મનદુખ થઇ જવાની શક્યતા રહે છે.

આ વિષય મહત્વનો છે – સંક્ષિપ્તમાં સમજવું સહેલું નથી. પણ નવા વર્ષની શુભેચ્છામાં આપણે અહ્મ અને અજ્ઞાનતાને કોરે મુકીએ એવી આશા.

## મહિલા સમિતિ

સંચાલિક : દર્શના સાવલા
ફોન : ૯૦૩૨૭ ૬૭૧૧૧

મહિલા સમિતિ દ્વારા તા. ૧૬–૯–૨૦૧૭નાં રોજ શ્રી કચ્છી ભવનમાં ગરબા દાંડિયા ધમાલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં લગભગ ૪૦૦ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને રાસ–ગરબાનો ભરપુર આનંદ માણ્યો હતો.

બેસ્ટ ગ્રુપ ડાન્સ, બેસ્ટ ટ્વીન્સ, બેસ્ટ દાંડિયા જોડી, બેસ્ટ ડ્રેસ્ડ વગેરે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું અને લગભગ ૧૦૦ જેટલા ઇનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનાં સ્પોન્સર્સ શ્રી પ્રતાપભાઇ જાડેજા, એન.જી.એન.યુ. ગ્રુપ, તારા કેટરર્સ, ભગિની ભૂષણ, કચ્છ કલા દર્શન, પ્રભાબેન ચીમનલાલ ગાલા અને હેપી મોમેન્ટ્સ વગેરેના સુંદર સહયોગ બદલ સર્વેનો ખુબ ખુબ આભાર.

આ કાર્યક્રમના સંચાલીકા દર્શનાબેન સાવલા ટીમ, સ્વેતાબેન જાડેજા, કુસુમબેન રાંભિયા, કરિશ્માબેન મોતા અને નિશાબેન કાકરેચાએ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યુ હતું. કાર્યક્રમના અંતે સ્વાદિષ્ટ અલ્પાહાર લઈ સર્વે આનંદથી છુટા પડયા.

**DONATE EYES - LIVE TWICE**

# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭૪૭૬૨૫

## દિપાવલી અને નૂતન વર્ષાભિનંદન

દિપાવલી પર્વ નિમિતે સૌને શુભકામનાઓ સાથે નૂતનવર્ષમાં આનંદભેર પ્રવેશ કરી રહ્યા છીયે, આ નવુ સંવત વર્ષ સૌને મંગલમય, કલ્યાણકારી, પ્રગતિશીલ અને લાભદાયક નીવડે એવી મંગલકામના...

પુરૂ વર્ષ વ્યાપારી વર્ગ માટે સંઘર્ષમય રહ્યુ, નોટબંદી, જી.એસ.ટી. થકી સર્વત્ર મંદીનો માહોલ રહ્યો, આવા સમયે ખર્ચમાં કાપ મુકી સેવીંગ્સમાં વધારો કરવાનું હીતાવહ છે.

આપણા વડીલ મુરબ્બી ઉચ્ચકોટીના સમાજસેવક શ્રી ખીમજી ડુંગરશી મામણીયાનું અવસાન એ સમાજ માટે વણ પુરાયેલી ખોટ હમેશા રહેશે. મામણીયા પરિવાર ઉપર આવી પડેલ દુઃખદ ક્ષણોમાં સંપૂર્ણ સમાજવતિ શ્રદ્ધાંજલી.

તારીખ ૨૦–૯–૨૦૧૭ નો રોજે ટ્રસ્ટ બોર્ડ અને કારોબારી સમિતિની એક સભા રાખવામાં આવેલ હતી.

મહિલા સમિતિ આયોજીત રાસગરબાનો કાર્યક્રમ તા. ૧૬–૯–૨૦૧૭ના દિવસે યોજવામાં આવેલ હતો, કાર્યક્રમની સફળતા બદલ સંચાલીકા શ્રીમતી દર્શના સાવલા અને એમની ટીમને અભિનંદન.

શાંતિવન સમિતિ આયોજીત સૂફી સંગીતનો કલાસીકલ કાર્યક્રમ તા. ૧૭–૯–૨૦૧૭ના દિવસે યોજવામાં આવેલ હતો, સંચાલક શ્રી હંસકુમાર સાવલા અને એમની ટીમને અભિનંદન.

તારીખ ૧–૧૦–૨૦૧૭ મનોરંજન સમિતિ આયોજિત શરદપૂર્ણિમા નિમિતે દાંડીયા અને ગરબાનો કાર્યક્રમ ખુબજ સફળ રહ્યો, વરસાદના માહોલ વચ્ચે યોજાયેલ કાર્યક્રમમાં વરસાદનું વિઘ્ન ન નડતા ઉપસ્થિત સર્વ મેમ્બરોએ દાંડીયા ગરબા અને અલ્પાહારની મજા માણી. સંચાલક પ્રતાપભાઇ જાડેજાને અભિનંદન.

તા. ૨–૧૦–૨૦૧૭ શિક્ષણ સમિતિ આયોજીત પ્રીલિમનરી રાઉન્ડ ક્વીઝ કોમ્પીટેશનમાં લગભગ ૭૦ સ્પર્ધકોએ ભાગ લીધેલ. ફાઇનલ રાઉન્ડ ૮–૧૦–૨૦૧૭ દિવસે યોજવામાં આવશે.

શિક્ષણનું મહત્વ વર્તમાન સમયમાં ખુબજ વધી ગયુ છે, સમાજના વિદ્યાર્થીઓ આ ક્ષેત્રે મહેનત કરી આગળ વધી રહ્યા છે. એમનો ઉત્સાહ વધારવા સ્વર્ણચંદ્રક અર્પણ કરવાનો કાર્યક્રમ તા. ૮–૧૦–૨૦૧૭ ના દિવસે રાખવામાં આવેલ છે.

યુવા સમિતિ દ્વારા તા. ૧૫–૧૦–૨૦૧૭ નાં દિવસે ટ્રેજરહન્ટના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સર્વ સમિતિ સંચાલકો એમના કાર્યોને આગળ વધારવા પ્રયત્નો કરી રહ્યા છે. આપ સૌ એમને સહકાર આપી કાર્યક્રમમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેશો એવી આશા.

કોમ્પીટેશનના આ યુગમાં આપણને પણ ભવન બુકીંગ માટે ઘણી તકલીફો આવી રહેલ છે. આવક અને જાવકનો બધો મદાર નોનમેમ્બર બુકીંગ પર નિર્ભર છે, બુકીંગનું સ્તર જાળવવાના પ્રયત્નો ચાલુ છે. નવા પેકેજ દરો અમલીકરણ કરવા વિચારાધીન છે. ભવન બુકીંગમાં વધારો કરવાના સુચનો મેમ્બરો તરફથી આવકાર્ય છે.

કારોબારી સમિતિએ ત્રણ મહીનાનો કાર્યક્રમ પુર્ણ કરેલ છે, યુવા કાર્યકરો અને વડીલ સભ્યોના સાથ સહકારથી દરેક કાર્ય યોગ્યરૂપથી ચાલી રહેલ છે.

આભાર : શ્રી ખીમજી ડુંગરશી મામણીયા પરિવાર વતિ રૂા. ૨૦,૦૦૦નું અનૂદાન મંડળને પ્રાપ્ત થયેલ છે, આભાર...

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન-હૈદરાબાદ

# 3-4-512/6, 101, Diva Karla Gardens, Barkatpura, Hyderabad - 500 027
Tel : 2756 2557  Fax : 040-2322 2678, E-mail : shanti_nx@yahoo.com

# દિવાળી સ્નેહ મિલન ૨૦૧૭
# નેહભર્યુ નિમંત્રણ

સહર્ષ જણાવવાનું કે પ્રતિ વર્ષાનુસાર આ વર્ષે પણ રવિવાર, તા. ૨૨-૧૦-૨૦૧૭ ના સાંજના ૫.૦૦ વાગ્યાથી શ્રી કચ્છી ભવન, ઈડનબાગ, રામકોટ, હૈદ્રાબાદ મધ્યે વાર્ષિક સામાન્ય સભા તથા દિવાળી સ્નેહ મિલનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યો છે.

આપ સર્વે ક.દ.ઓ. જ્ઞાતીજનોને ખાસ આગ્રહ ભરી વિનંતી કે આ કાર્યક્રમમાં સહપરિવાર સમયસર પધારી કાર્યક્રમને સફળ બનાવવા સહયોગી બનશોજી.

***પાં મેળે ભેગા થીબો, હલબો-મલબો, મીઠે મેળાવળે કે માણીંબો નવીએ ભેગ્યું જોની યાદું તાજી કરીબો અને ભેગામળી વિચારૂ કરીબો.***

સહકારની અપેક્ષા સહ...

લિ.

ધનપત લાલજી મોતા
પ્રમુખ

હીરેન મુલજી મોમાયા (રાજુ પટેલ)
માનદ્ મંત્રી

તથા

સર્વે કારોબારીના સભ્યોના નૂતનવર્ષાભિનંદન

નોંધ : કાર્યક્રમની શરૂઆત સાંજના ૫.૦૦ વાગે ચા-નાસ્તા સાથે પ્રારંભ થશે.

(જા. ખ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

સમાજના સર્વે સભ્યોને અમારા માનવમિત્ર સમિતિના સભ્યો તરફથી દશેરા પર્વની શુભકામના તેમજ આ નિયાપો આપને પહોંચશે તે દરમ્યાન દિવાળી પર્વ તથા નવવર્ષની શુભકામના પાઠવીએ છીએ. નવું વર્ષ આપણા સર્વે સમાજના પરિવારના સભ્યોને દર પ્રકારે શુભ રહે એજ અભિલાષા.

માનવમિત્ર સમિતિ હેઠળ ચાલતી મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટરોએ મહારાજગંજમાં સરકારી ગ્રાંટથી ચાલતી સાવીત્રી કન્યા પાઠશાળાની રસ્તા પર પડતી દિવાલને શુશોભિત બનાવવાં ''મેરી ગલ્લી – મેરી શાન'' ના સભ્યો સાથે મળી કલર (રંગરોગાન) કરેલ છે.

નિચે મુજબના મૂઠ્ઠીભર અનાજ યોજનાના વોલીન્ટર ભાઇઓએ દિવાલનું રંગરોગાન કરેલ છે.

૧. મહેક મારૂ ૨. યશ દેઢિયા ૩. મિતેશ ગાલા ૪. હર્સિત મારૂ ૫. પ્રતિક મારૂ ૬. અંજન ગાલા ૭. હેમાંગી સાવલા ૮. કેવિન ગાલા ૯. તન્મય ગાલા ૧૦. ભાવિન ગડા. આ શુભ કાર્યમાં ઉપરોક્ત વાલીન્ટરોનો ખુબ ખુબ આભાર. આ દિવાલના રંગ માટે શ્રી પ્રતાપ જાડેજાએ રૂ.૧૧૦૦૦/– આપી વોલીન્ટરો ભાઇઓને પ્રોત્સાહીત કરેલ છે જે માટે અમે માનવમિત્ર સમિતિ તેમનો આભાર માનીએ છીએ અને આવી રીતે અમારા કાર્યને હરહમેશા સાથ–સહકાર આપે એવી શુભકામના. આ ઉપરાંત ડૉ. દિલીપ ભાનુશાલીએ ૨૫ કીલો દાળ તેમજ ૧૦૦ બંડલ ઘાસ આપેલ છે. જે માટે તેમનો આભાર. અમારા માનવમિત્રના શ્રી હિતેન સંઘોઇ તથા તેમના સાથીઓએ મૂક પ્રાણીઓની સેવા કરેલ છે. જેમાં ૩૩ ઊંટ અને બકરીઓ તથા ઘેટાઓને ઇદ વખતે કતલખાનાથી બચાવવા માટે નીચે મુજબ દાન મળેલ છે.

| | | | |
|---|---|---|---|
| રૂા. ૮૦૦૦ | શ્રીમતી પ્રજ્ઞા જયેન્દ્ર મહેતા | રૂા. ૨૦૦૦ | શ્રીમતી નીસા હરીશ ગાલા |
| રૂા. ૩૫૦૦ | શ્રી બોમ્બે સ્ટોર્સ – હિમાયતનાગર | રૂા. ૫૦૦૦ | શ્રીમતી રમિલાબેન રતિલાલ છેડા |

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| સ્વ. ચુનિલાલ સંઘોઇ | - | - | ૨ | - | - | - |
| ચી. જયનીલ પંકજ દેઢિયા | - | ૫૦૦ | - | - | - | – |
| સ્વ. લક્ષ્મીબેન ચુનીલાલ ગાલા | ૫૦૦ | ૫૦૦ | ૧૦૦૦ | - | ૫૦૦ | - |




દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરોઃ
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪–૪–૨૨૮, ઇન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭–૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

# શ્રી કચ્છી વિસા ઓસવાલ જૈન સમાજ,

## હૈદરાબાદ પ્રસ્તુત કરે છે

# 'સુરીલી પ્રભાત' અન્તાક્ષરી પ્રિમીયમ લિગ

## દાતા પરિવાર : શ્રી ભાવેશ ચીમનલાલ ગાલા

જય જીનેન્દ્ર...

બધા સભ્યોના પરિવારને નવા વર્ષનું સાલ મુબારક. આપ સહુને નવો વર્ષ સુખ સમૃધી અને લાભદાયક રહે એવી શુભકામના. આ વર્ષના બે મોટા કાર્યક્રમો જેમ સીલ્વર જુબલી વર્ષ સેલીબ્રેશન અને સ્વામીવાત્સલ્ય જમણ થયા અને હવે ગ્રાન્ડ અન્તાક્ષરી રોલિંગ ટ્રોફી રજુ કરતા હર્ષ અનુભવીય છીએ, આ રોલિંગ ટ્રોફી ૩ વર્ષ માટે રહશે, આ અન્તાક્ષરીમાં ૮ ટીમ નુખ વાઈસ રહેશે...

૧) ગાલા, ૨) સાવલા, ૩) દેઢિયા, ૪) ધરોડ, ૫) વોરા, ૬) ગોસર, ૭) છેડા (ભેદા, ફુરિયા), ૮) ગડા (રાંભિયા) દરેક ટીમમાં એકજ નુખના ૪ સભ્ય રહેશે, જેમાં સેમીફાઈનલ તથા ફાઈનલ રાઉંડ રહેશે.

આ કાર્યક્રમ તા. ૧૯-૧૧-૨૦૧૭ ના રવિવારના કચ્છી ભવન મધ્યે આયોજિત કરવામાં આવેલ છે. નુખવાઈસ ટીમના દાતા તરીકે સ્પોન્સોર અવકાર્ય છે. ટીમના નામ લખાવાની છેલ્લી તા. ૩૦-૧૦-૨૦૧૭ રહેશે. નામ લખવા માટે (૧) જીતેન ભેદા ૯૯૮૫૪ ૬૯૯૯૧ (૨) નેમચંદ ગાલા ૯૮૪૮૦ ૨૦૨૦૬ (૩) મનોજ સાવલા ૯૮૪૯૭ ૭૪૮૫૪ (૪) હરેશ દેઢિયા ૯૨૪૬૧ ૯૪૪૦૫.

આ કાર્યક્રમ દરમ્યાન એક વિશેષ વક્તા મહાબલેશ્વરથી પધારશે, ખાસ કરીને યુવા વર્ગને વિનંતી છે કે આ વક્તાને જરૂરથી સાંભળે જે તેમના ફ્યૂચર માટે લાભદાયક રહેશે.

(જા.ખ.)



Contd...

# મનોરંજન સમિતિ

સંચાલક : પ્રતાપ જીલુભાઈ જાડેજા
ફોન : ૯૯૫૯૯ ૪૪૮૨૨

શરદપૂર્ણીમાના ઉપલક્ષમાં યોજેલ **'શરદ ઉત્સવ'** રવિવાર તા. ૧–૧૦–૨૦૧૭ નાં હનુમાન વ્યાયામશાલામાં આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં વિવિધ હરીફાઇઓમાં બધાયે ભાગ લીધેલ જેમાં બેસ્ટડ્રેસીંગ, બેસ્ટ ગરબા, બેસ્ટ દાંડિયા, બેસ્ટ ફાધર એન્ડ ડોટર, બેસ્ટ મધર એન સન, બેસ્ટ ૬૦ એબાવ જોડી, અમ્બ્રેલા સજાવટ, કાલા ચશ્મા સજાવટ તોરણ સજાવટ, બેસ્ટ પાયલ, બેસ્ટ બીન્દી અને બેસ્ટ ચુડી–ચાંદલાની હરીફાઇઓ રાખવામાં આવેલ.

આ કાર્યક્રમનાં નિર્ણાયક શ્રીમતી ઇશા હિન્ડોચા, શ્રીમતી આરતી મજીઠા અને શ્રીમતી સ્વેતા જાડેજા હતા. લગભગ ૮૦૦ મેમ્બરોએ આ સુંદર કાર્યક્રમ તેમજ દુધ–પૌઆ તથા અલ્પાહારનો આનંદ માણ્યો.


20 Days Medicine only Rs. 499/-

**AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE**

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

**Ph : 9395347264, 9392418463, 040-27564183**

(જા.ખ.)

**Flat For Rent No.201**

FOR VEGETARIAN FAMILY
(Nimboli Adda Beside Sangam Hotel)
3 Bed Room, Hall, Kitchen, Washing Area, Gallery
with Furniture, A.C., Invertor Freeze, Aquadguard,
10 Fans, Moduler Kitchen. **Contact : 81253 98579**

(જા.ખ.)

DEEPAK MAVJI DHAROD — Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27

(જા.ખ.)




વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ–નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮

ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો

(જા.ખ.)

# ગાલા નુખના

## ભાવિકો અને નિયાણી બહેનો

જોગ,

સવિનય જણાવવાનું કે ગાલા નુખના વિશલ માતાજી ને નમતા સર્વે ભાવિકોની સમુહ પહેડી તા. ૧૯-૧૧-૨૦૧૭ રવિવાર સવારના ૯.૩૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. તો સર્વે ભાવિકો સહ પરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

### કાર્યક્રમ

| | | |
|---|---|---|
| ૧) | માતાજીનું સામૈયું (કચ્છી ભવનની બાજુ થી) | ૧૦.૦૦ કલાકે |
| ૨) | માતાજીના સ્તુતિગીત (૫) પાંચ તથા ભજન સંગીત | ૧૦.૩૦ કલાકે |
| ૩) | ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી | ૧૨.૦૦ કલાકે |
| ૪) | માતાજીને પ્રસાદી જુવારવાનું (ચિઠ્ઠી દ્વારા) | ૧૨.૧૫ કલાકે |
| ૫) | માતાજીની આરતી (ચિઠ્ઠી દ્વારા) | ૧૨.૩૦ કલાકે |
| ૬) | માતાજીની પ્રસાદી | ૧.૦૦ કલાકે |

આરતી પછી માતાજીની પ્રસાદી લેવાનું સર્વે ભાવિકો તથા નિયાણી બહેનો ને ભાવભર્યુ આમંત્રણ છે. કાર્યક્રમમાં સમયસર પધારવા ખાસ વિનંતી.

❊ પ્રસાદીના લાભાર્થી ❊

## શ્રીમતી પુષ્પાબેન રાઘવજી ગાલા પરિવાર

### હ. નેહા મધુબેન શાંતીલાલ ગાલા

નોંધ :

૧) શ્રીફળ પ્રથા બંધ છે.

૨) ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્રો પહેરીને આવવું નહીં

૩) નિયાણી બહેનોને ‘સજોડે’ પધારવા વિનંતી.

નોંધ : ભજન મંડળી ખાસ બાહારગામ થી આવશે.

સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સમયસર પધારવા વિનંતી.

(જા.ખ.)

લી. **ગાલા ભાવિક સંઘ,** હૈદ્રાબાદ ના જયજીનેન્દ્ર

## Shanti PRIMARY SCHOOL

સંચાલકઃ હેમાંગ મણીકાંત મોમાયા
૯૮૮૫૧ ૦૧૦૧૦

We have just completed the journey of the first term of this acedemic year 2017-2018 with fair mix of different activities during the months of June to September.

JUNE : on 12th, We were glad to see every child on the re-opening day of academic year 2017-2018. All students performed various aashanas in school on 21st on the occasion of International Yoga Day, on 23rd Ramzan was celebrated.

Colouring Competition was conducted for LKG to IInd class students and free hand drawing competition for IIIrd to Vth Class students on 30th.

JULY : Significance of Bonalu and Paryushan was explained. On 19th. School organised Rhymes recitation competition for Nursery to Class Ist students. On 28th. On the same day, Elocution competition was conducted where students of IInd to Vth Class came out with their own ideas and thoughts on given different topics.

AUGUST : The school believes in Vriksho Rakshati Rakshitaha - Protect Trees - Trees will protect you. During the Telangana Haritha Haram Vanamahotsava Various saplings were planted in school premises on 1st. On 3rd, following the tradition of Raksha Bandhan, the girls tied rakhi to boys and on the same occasion competition of making Rakhi was conducted for class 2nd to 5th. Mrs. Vasantiben Arvind Shah conducted a workshop on overall development of our students on 16th.

As a step to save the enviroment, eco-friendly Ganesh idol was bought in school on 25th. 71st Independence Day was celebrated on 15th with full of enthusiasm zeal and patriotic fervour at Kutchi Bhavan, where the committee members graced the occasion.

SEPTEMBER : Students of class IVth and Vth enacted as teachers for class I and II on 5th Teachers Day. This year school uniform has been changed which made the students get a smart and a new look. The children were busy with their exam which were held from 13th to 22nd September.

Looking forward for a rewarding and satisfying Second Term. On behalf of Shanti Primary School we wish you all. Happy Diwali and A Prosperous New Year.

## At Genius Kid we give kids a new perspective, to use technology n turn their time to create world records.

Our main program is about maths n mental memory .It focuses on developing the auditory skills where a child can calculate numbers without looking at them but just by listening to them thereby enhancing the ear -brain capability of a child.

We also focus on developing the visual skills by coaching students how to calculate the numbers flashing on screen thereby developing eye-brain co-ordination.

We also use cubes to create the need to focus . It stimulates the pressure points . It develops logical thinking. Improves concentration n memory It enhances the reflexes.co-ordinates the left n right hemisphere of the brain



7 Medals Won at NATIONAL CUBE selection championship held at Mumbai.

Gold Medal
Netra Dedhia G. Rushi,

Silver Medal
Saanvi Shah, Tirth Gala & Shanmukh,

Bronze Medal
Khilti Dharod & Sharanya

(જા.ખ.)

12 Records

Genius kid™

Winners - Math & Memory World Cup 2012 & 2016

MEMORIAD
33 Olympic Medals Mental Calculation & Memory Sports
www.memoriad.com

&

INDIAN CUBE ASSOCIATION

## A JOURNEY FROM CLASSROOM TO WORLD RECORDS

### Winner of



33 Medals 2012 Olympic



Japan Cup at Tokyo 2013



Turkey Open Championship 2013



Mental Calculation World Cup 2014

Winner Of The Book Of Alternative Records

## MAGIC LOGIC ACADEMY

7g 4-1-1233, Subhodaya Apartment, Near Fernandez Hospital,
Boggulkunta, Hyderabad - 500 001. Ph :: 92465 68353. Website : www.geniuskid.org

# શાંતિવન સમિતિ

સંચાલકઃ હંસકુમાર રાયચંદ સાંયલા
ફોન. ૯૨૪૬૫ ૩૨૫૪૫

રવિવાર તા. ૧૭–૯–૨૦૧૭ સાંજના ઠીક ૪.૦૦ વાગે વરસાદનું એક જોરદાર ઝાપટો આવ્યો. ક્ષણભર માટે લાગ્યું આજે કાર્યક્રમ મોકુફ રાખવો પડશે.

ધીરે ધીરે મિત્ર મંડળનાં સભાસદો આવવા માંડ્યા અને લગભગ છ વાગ્ય સુધી પુરો હોલ ભરાઈ ગયો. પ્રથમ શ્રી મહેન્દ્રભાઈ એ ત્રણ નવકારની પ્રાર્થના કરેલ. ત્યારબાદ ધુન ઉપર રાષ્ટ્રગીત પ્રસ્તુત કરવામાં આવેલ. આવેલ સભાસદોને આવકારવામાં આવેલ. અને શ્રી અબ્બાસ અણસારી સાહેબનો પરીચય કરાવવામાં આવેલ. નવાબી શોકીયાતોર પર મહિને બે મહિને શ્રી અણસારી સાહેબ મહેફીલનું આયોજન કરતા હોય છે. એમની મહેફીલમાં શિક્ષીત ઉચ્ચ સ્તરના બધા શોખ ખાતર ગાવાવાળા હોય છે. અને પોતપોતાના રીતે ગીત રજુ કરતા હોય છે. સુંદર અવાજ, લય વાંજીત્રનો સાદ સાંભળી કોઈ પણ મોહિત થઈ જાય.

આવા સુંદર કલાકારોને આપણા સમાજ સમક્ષ પ્રસ્તુત કરવાની ઈચ્છા જાગી અને આ કાર્યક્રમનું આયોજન કરેલ. એમના સાથે એમના ચાર થી પાંચ સાથી કલાકારો આવ્યા હતા.

પ્રથમ શ્રી અણસારી સાહેબે બે નગમા પ્રસ્તુત કરેલ. ત્યારબાદ ઈલિયાસ નામક કલાકારે ‘ઓ દુનિયા બનાને વાલે કાહેકો દુનિયા બનાઈ’ એવા સુંદર ગીતની રજુઆત કરી. સાથે સાથે બીજા પણ મધુર ગીતો એમને રજુ કરેલ. એની પાછળ આપણા હોંશિલા કાર્યકર્તા શ્રી મહેન્દ્રભાઈ વોરાએ પણ બે ગીત રજુ કરેલ.

સુફી ગીતના જાણકાર નસીમ સુફીએ, સુફી ગીતોનો અર્થ બતાવેલ અને પહેલો ગીત એમને ‘મૌલા મેરે મૌલા’ રજુ કરેલ.પછી બે ચાર જુના ગીતો એમણે રજુ કરેલ. છેલ્લે ‘ખાજા મેરે ખ્વાજા’ ગીત રજુ કરેલ. સર્વે ગીત સાંભળીને અપેક્ષિત ખુશી સર્વે સભાસદોના ચહેરા ઉપર દેખાતી હતી. સજાવટના ઝાલર રૂપે કાર્યક્રમમાં હાસ્ય કલાકાર  કાદરભાઈએ હસાવીને લોટપોટ કરેલ.

છેલ્લે લક્કી ડીપ કાઢવામાં આવેલ. તેમાં શ્રીમતી પ્રજ્ઞાબેન જયેન્દ્ર મહેતા લક્કી સાબિત થયા. તેમને મેમેન્ટો આપવામાં આવેલ. ત્યારબાદ શ્રી અણસારી સાહેબ તથા એમના સાથી કલાકારોને માનદમંત્રી શ્રી પંકજભાઈ હીરજી સાવલાના હસ્તે મેમેન્ટોથી નવાજવામાં આવેલ. અને ફરી એકવાર આવાજ એક કાર્યક્રમ માટે આમંત્રણ આપેલ.

શાંતિવન સમિતીના સહસંચાલક શ્રી ધીરજભાઈ ધુલ્લા, કાર્યક્રમ માટે તનતોડ  મહેનત કરનાર શ્રી હીતેનભાઈ સંઘોઈ તથા રમેશભાઈ સાવલા, કાર્યક્રમની સુંદર સજાવટ કરનાર શ્રીમતી નીતાબેન માલદે તથા દર્શનાબેન દેઢિયા, નાનામોટા બધા કામ માટે હમેશા તત્વર રહેનાર શ્રી દામજીભાઈ સાવલા, શ્રી અજીતભાઈ મોતા આ સર્વેના સહકારથી જ કાર્યક્રમ સફળ રહેલ. કાર્યક્રમના સફલ આયોજનમાં શ્રીમતી કાન્તાબેન દંડ, રશ્મિબેન લોડાયા, ભારતીબેન ધરોડ, શ્રી સંજયભાઈ સાવલા, શ્રી અરવીંદભાઈ પેથડ એમનો સાથ સહકાર સરાહનીય રહેલ.

કાર્યક્રમમાં ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સભ્યોએ ભાગ લઈ પ્રોત્સાહન આપેલ. તે માટે તેમને ધન્યવાદ. અંતે કાર્યક્રમ પછી અલ્પાહાર લઇ સૌ છુટા પડ્યા.





The price is forgotten but Quality is remembered long after

Celebrate Dazzling Diamonds

## Aspire Diamond Jewellery

Wholesale Dealers from Surat - Guaranteed Lower Price in Twincities

Please visit us once for best rate before purchasing any

REAL DIAMOND JEWELLERY & GEMSTONES

For Appointment please feel free to call : Hiren Patel Ph : 8000802288

Shop No. 16, Royal Plaza Complex, Sultan Bazar, Hyderabad. Telangana

With Best wishes From : Love For Cow - Jasmat Patel, Ridesh Jagirdar, Ranjana Shah




## Saheli Group

*Presents*

Contact.......

- TRUPTI MEHTA
  99595 22455
- JYOTIBEN MOTA
  83740 96468, 73311 36468
- MEGHA BANKER
  83742 37159
- ANJANI SHAH
  98494 19726



# Parinay

## Marriage Bureau

Timing : 11.00 am to 1.30 pm & 5.00 pm to 7.00 pm

Monday to Friday

E-mail : parinaayhyd@gmail.com

(જા.ખ.)

# સંસ્થા સમાચાર

● **શ્રી સચ્ચા માતાને નમતા ધરોડ ભાવિક મંડળ, હૈદરાબાદ :** મંડળ દ્વારા શ્રી સમૂહ પેઢી તથા જુહારનો કાર્યક્રમ તા. ૨૯–૧૦–૨૦૧૭ને રવિવારે, શ્રી કચ્છી ભવનમાં સવારના ૯.૩૦ કલાકેથી રાખવામાં આવેલ છે. પહેડી સવારના તથા નમતા પહોરે જુહાર કરવામાં આવશે. તો જે ભાવિકોને જુહાર કરવા હોય તો વાર્ષિક જુહાર રૂા. ૪૫૧/–. ના લેખે મહેશ ધરોડ પાસે લખાવવા વિનંતી. તા. ૨૦ ઓકોટોબર પછી જુહારના પૈસા લેવામાં નહીં આવે. તો સત્વરે લખાવવા વિનંતી. આ વર્ષના પેઢીના સૌજન્યદાતા શ્રી મુકેશ કુંવરજી ધરોડ પરિવાર છે. સર્વે પત્રી નિવાસીઓને સહકુટુમ્બ તથા પત્રીની નિયાણી બહેનોને સજોડે પધારવા આમંત્રણ છે.

---

## પત્ર પેટી

श्री कच्छी मित्र मंडल की शांतिवन समिति द्वारा दि. 17-9-2017 को आयोजित एक शाम सूफी संगीत के नाम कार्यक्रम ने सचमुच मे श्रोताओं की रूह को छु लिया । लगभाग तीन घंटे चले इस कार्यक्रम मे हैदराबाद के स्थानीय कलाकारों ने श्रोताओ का मन मोह लिया। इस कार्यक्रम की सरप्राईज मे कामेडी का तडका मशहुर हास्य कलाकर मोहम्मद अब्दुल कादिर द्वारा दिया गया । जो दर्शको के मन मस्तिश्क को गुदगुद गया । इस बहुतही सफल कार्यक्रमका श्रेय मै श्री हंसकुमार सायला को देता हुँ उन्हे बहुत बहुत बधाई ।

**कुलीन जैन**

શાંતિવન સમિતિ દ્વારા નવા ટર્મનો કાર્યભાર સ્વીકાર્યા પછીનો સર્વપ્રથમ કાર્યક્રમ તા. ૧૭–૯–૨૦૧૭ રવિવારની સાંજે હતો. કવાલી તથા સુફી ગીતોની મહેફિલ. શાંતિવન સમિતિના આ કાર્યક્રમ વિશે એટલુંજ કહેવાનુ છે કે–**રોજ શામ આતી થી મગર ઐસી ન થી, રોજ રોજ ઘટા છાતી થી મગર ઐસી ન થી** ખુબજ સારા અને ઉમદા કલાકારોએ આવીને આપણા ભવનની શોભા વધારી હતી, જેમા કે મોહમ્મદ અંસારી સાહેબ, ઇલ્યાસભાઇ, શમીમ ભાઇ, મેરાજ સવિતા રેડ્ડી તથા અન્ય તરાશેલા આર્ટીસ્ટ હતા. એમની એક એક પેશકશ સીધી મન સુધી પહુંચતી હતી, અને અનાયસ જ શ્રોતાગણની તાળિયોના ગડગડાહટ થી કચ્છીભવનનો હોલ વારંવાર ગુંજી ઉઠતો હતો. ઉપસ્થિત મહાનુભાવો મંત્રમુગ્ધ થઇ ગયા. બધાયના મનમાં એકજ ઇચ્છા હતી કે યે રાત યુહી ચલતી રહે.

**ભારતી દેઢિયા**




We give consultancy in Buying, Selling of

**Diamond Jewellery, Solitare, Loose Diamonds, Basra Pearls High Quality Gem Stones**

By Prior Appointment only **Madhukant Shah Ph : 9550296304**

**With best Wishes From : Riddesh Ramesh Jagirdar**

(સૌ. જ.)

# Manav Kalyan Seva Samiti

Jain Mandir Lane, Behind Bank of India,
Kachiguda. Hyderabad-500 027. Ph : 040-27557711

## Charitable Clinic

### DOCTORS ON PANEL

• ALLOPATHY • HOMEOPATHY • CARDIOLOGIST
• GYNAECOLOGIST • CHILDREN SPECIALIST

**REGISTRATION FEES Rs. 10/- ONLY**
**Including Doctor Consultation & Medicines for 2 Days**

### ALLOPATHY

**Dr. Chandrakant Ranade**
MBBS,
Daily
**9.00 AM to 11.00 AM**
**7.00 PM to 9.00 PM**

### HOMEOPATHY

**Dr. Smt. C. Roshna**
BHMS, DNHE,
Daily
**11.30 AM to 1.30 PM**

### ALLOPATHY

**Dr. K. Devaraj**
MBBS,
Pulmonologist &
General Physician.
**Daily 4.00 PM to 6.00 PM**

**SUNDAY CLOSED**

### Specialist Doctors

**SUNDAY CLOSED**

(જા.ખ.)

### CARDIOLOGIST

**Dr. PANKAJ JARIWALA**
MD, DNB,
EVERY **FRIDAY**
(on Prior Appointment Only)
5 To 6 Patients Only
**8.00 PM to 9.00 PM**
Fees Rs.100/- Per Visit
(Non Refundable)

### GYNAECOLOGIST

**Dr. Anisha Gala**
DGO, DNB,
EVERY
2nd & 4th **THURSDAY**
(on Prior Appointment Only)
5 To 6 Patients Only
**3.00 PM to 4.00 PM**
Fees Rs.50/- Per Visit
(Non Refundable)

### CHILDREN SPECIALIST

**Dr. Smt. S.V. Bhole**
MBBS, BCH,
EVERY **SATURDAY**
**9.30 AM to 10.30 AM**
Fees Rs.10/- Per Visit

## વિવિધા

# દિવાળીની સફાઇ

**રમેશ મણીલાલ શાહ**

દિવાળી આવી રહી છે, ઘરમાં લેડિઝો અને દુકાનોમાં ભાઇઓ, ઘર તથા દુકાનની સાફ સુફીમાં લાગી જવાના. આપણા ગુજરાતીઓમાં દિવાળીના ટાંકણે સાફસુફી કરવાનો રિવાજ કદાચ સદીઓથી ચાલતો આવે છે. આ ખરેખર બહુજ ઉત્તમ રિવાજ છે.

વર્ષ દરમિયાન ઘરમાં કરોળિયાના જાળા જામી ગયા હોય છે, લાઇટ, પંખા પર ધુળ જામી હોય, રસોડામાં તેલ–ઘી, મસાલાના ઉપયોગને કારણે દિવાલ પર ડાઘા પડી ગયા હોય, કબાટ ગંદા થઇ ગયા હોય આ બધાને કારણે ઘરનો વાતાવરણ ઝાંખો પડી ગયો હોય, ડલ થઇ ગયો હોય છે. ઝગમગતી દિવાળી આવતા પહેલા આ બધાયને સાફ સુફ કરી ચમકતા કરવા જરૂરી છે.

દુકાનોમાં પણ દિવાળી નિમિત્તે સાફસુફીનો અભિયાન ચાલુ હોય છે. વ્યાપારી ભાઇઓ અગાઉ દિવાળીથી દિવાળી સુધીનો હિસાબ રાખતા. આ માટે દિવાળી પહેલાજ સ્ટોક ચેકીંગ કરતા અને ડેડ સ્ટોકને નિકાળવાની કોશિષ કરતા.

આ સમયે જરૂરી છે કે ઘર અથવા દુકાનમાંથી બિન જરૂરી ન વપરાતી ચીજોનો નિકાલ કરવો. હાલમાંજ એક ભાઇ મળ્યા જેઓ વર્ષો પછી પોતાનું ઘર બદલાવી રહ્યા હતા. જ્યારે જુના ઘરમાંથી બધો સામાન કાઢયો ત્યારે ઘરના બધાય આશ્ચર્ય પામ્યા કે, શું આ બધો સામાન આપણે આટલા વર્ષોથી સંઘરી રાખ્યો હતો? તેમને યાદ ન હતું કે પેલી ચીજ ક્યારે લીધી હતી કે ફલાણી ચીજ છેલ્લે ક્યારે વાપરી હતી. કાટમાલમાં ટુટેલા ફર્નીચર, પાણીના પીપડા, ટુટેલી પ્લાસ્ટીકની બકેટો એવું કંઇ કંઇકે હતું.

જનરલી આપણા બધાયના સ્વભાવમાં હોય છે કે નવી વસ્તુ ખરીદતા, જુની વસ્તુ ભંડારમાં રાખી દઇએ છીએ એ સમજથી કે ભવિષ્યમાં તે કામમાં આવશે (એ કહેવતને અનુરૂપ કે **સંઘરેલો સાપ પણ ક્યારેક કામ આવે**).

આજના કલ્ચરમાં ટાઇમપાસ માટે લોકો મોલમાં લટાર મારવા નિકળી પડે છે અને જરૂરી હોય કે ન હોય, કે જરૂરતથી વધારેની શોપીંગ કરી આવે છે. તે ચીજો ઘરમાં ખડકાતી જાય છે અને સમય જતા ભુલી જવાય છે.

અનુભવી લોકો કહે છે, જે વસ્તુ ૬ મહિના સુધી ન વપરાય તે બિન જરૂરી વસ્તુ કહેવાય અને તે સંઘરવાનો કોઇ કારણ નથી. (કિમતી ચીજો આમાં અપવાદ રૂપે છે.) તે ચીજો જગ્યા રોકે છે, પડી પડી બગડી જાય છે અને પૈસાની બરબાદી થાય છે. આવી સંઘરેલી ચીજોને કારણે ઘર પણ ગોડાઉન જેવું ગંદુ લાગે. સ્વચ્છ અને સુંદર વ્યવસ્થિત ઘર હોય ત્યાં ઇશ્વરનો વાસ હોય તે આપણે સૌ જાણીએ છીએ તો ચાલો, દિવાળીની સાફ સુફીમાં લાગી જઇએ અને લક્ષ્મીજીને આવકારવા તૈયાર રહીએ.

# Shree Gitaben Rambhiya Smruti Ahimsha Trust

**1140, Gitabhavan, Mandvi's Pole, Manekchowk, Ahmedabad - 380 001, Gujarat**

Gaurakshak Smt. Geetaben Rambhiya, who on 27-8-2993 sacrified her life fighting those brutal butchers while saving such inarticulate and dumb animals and cows. During her life span, she had saved more than 1.5 lacs such inarticulate and dumb animals.

After her martyrdom, apart from continuing her work of providing safe passage to such animals, the Trust also started providing Free of Cost treatments to dumb and heirless animals and birds. The Trust has been tirelessly serving and treating Free of Cost all such animals who have become victims of daily accidents, tortures or decease/pandemic.

Since past 38 years, with your unstinted support, blessings and gratitude, our family has been continually providing safe passage to inarticulate and dumb animals and cows and saving them from going to butchers and slaughter house. So far more than lacs of such animals and cows have been saved and given safe passage.

## GITABEN RAMBHIYA TRUST ACTIVITIES

- Till date we have saved mor than 88,000 cattles going towards slaughter house.
- Most well knwon trust working from last 38 years.
- We provide Free Treatment to all injured birds-animals by our fully equipped ambulance van.
- We gives 24 hour service to the needful patients coming from Kutchh. Till now more then 7000 patients got this services by our trust.
- Our trust is working 24x7.
- Any person who need medical help during their journey from Mumbai or Kutchh they are kindly contact our trust any time.

To save these speechless and dumb animals and provide safe passage to them and to counter the attacks of those ruthless butchers, our organisation needs more and more whole hearted financial support.

**ANY NUMBER OF AMOUNT ARE HEARTLY ACCEPTED FOR CONTRIBUTION TO ALL NOBLE CAUSE CONTRIBUTE GENEROUSLY TO GIVE SAFE PASSAGE (ABHAYDAAN) TO DUMB INARTICULATE ANIMALS.**

Donation Amount for token contribution to this noble cause are

| | |
|---|---|
| 1) One time contribution for the safe passage of Small Animals | 700/- |
| 2) One time contribution for the safe passage of Big Animals | 800/- |
| 3) Permanent contribution for the cause on a fixed date of the year for Small Animals | 8000/- |

**ALL DONATIONS TO THE TRUST ARE EXEMPTED U/S 80G (5) OF INCOME TAX ACT.**

Trust sincerely expressess its gratitude to all of its donors and philanthorpic supporters who have been kindly supporting financially and belssing such cause and requesting to contribute more and more and support financially and encourage such activity of the Trust.

We therefore, earnestly request one and all to kindly provide whole hearted, unstinted support generously donate funds and contribute for such a noble cause and be a part of this movement.

*Happy Diwali & Prosperous New Year*

Contact : **Pandit Bharat Bhatt,** Astrologer & Vastu Consultant

**Beside Saibaba Temple, Kandaswami Bagh, Hyd. Ph : 94404 98308**

**Ridessh R. Lodaya (Jagirdar) 72074 62455**

(જા.ખ.)

# સરસ વાત

સૂણજો સહુએ બંધુ બહેનો. વાત કહું એક સારી સાથ
સહુ ને યોગ્ય લાગે તો જરૂર જુઓ વિચારી સમય
આવ્યો છે એવો અત્યારેજ સમજવા જેવો
આ દેખાદેખીને દબદબાને બને તો છોડવા જેવો
સાજ શિંગાર ઉત્સવ મહોત્સવ થોડા ઘટાડીએ તો સારૂ
નહિતો ભુખ્યા પેટે ગરીબ માનવી બની જશે લુંટારૂં
વાંક નથી એ લોકોનો મોંઘવારી એ હદ નથી વટાવી શેમાં
ફાટયા તુટયા વસ્ત્ર પહેરવામાં શરમ નથી એમને એમાં
ચેતી જઈશું અત્યારે તો લાભમાં રહીશું સહુએ,
એવું થશે ત્યારે જોઈ લઈશું એમ વિચારવું નહિ કોઈએ,
પ્રભાતે ઊઠી પ્રભુને વિનવજો, અને સદ્‌બુધ્ધી દેજો સારી
મનના ભાવો ઉંચા રાખી નબળા સબળા ને લઈએ ઉગારી
જીવનમાં કસોટીના દિવસો આવ્યા તે નીકળી ગયા હશે
તો ધીરજ રાખીશું તો આવો કપરો સમય પણ વિતી જશે.

**રેવા એલ શાહ (ચેન્નઈ)**




Advertising - Designing - Printing - Flex Banners, Computerised Horoscope, Kundli Match Making, in Hindi, Gujrati, Telugu & English LanguagE., Advertisements in Leading News papers, For Bulk SMS, Multi Colour Stickers for Marriage LOGO Designing, Broucher & Souvenir Priting



**CHANDRAPRABHA GRAPHICS**

**Paras Ramesh Jagirdar 66680780, 40047999**

**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Near Jain Temple, Kachiguda, Hyderabad-500 027.

TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-4002 0444

(જા.ખ.)

**Pick up & Drop**

**CHERIAN NATIONAL**

**Motor Driving School** (ESTD. 1962)

CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road, Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.૬-૨૦૧૬)

# Neev

**Play & Grow**

Each child is unique. Different Children learn differently.
The best way to teach them is through play. We at Neev believe in
nurturing the kids by means of play and help them in overall brain development.
Our activities are based on enhancing
the multiple intelligence that every child is born with.

## Activities @ Neev




So come and explore at Neev ..play & grow.
For a smart and strong foundation of Childhood.

Age Group: 2 to 6 years
Days: Tuesday, Wednesday, Thursday.
Timings: 5 to 6.30 pm

Contact : Dipti Shah - 9391464647, Riddhi Mehta - 9030698892
Address: The Pragati Housing Society, In the lane opp. To
Wesley Church ,Tilak Road, Ramkote, Hyderabad.

# ધર્મ નો મર્મ

**ચંદન હરીશ હરીયા**

ભારત એક ધર્મ પ્રધાન દેશ છે. વિવિધ કોમો ના વિવિધ ધર્મો છે અને બધા પોતપોતાની રીતે એને માને છે. પણ હમણાં એનું સ્વરૂપ જ બદલાઇ ગયું છે. ધર્મનો નામ આવતાજ એક અદશ્ય અવાજ કાનમાં પડે છે. રૂપિયા–રૂપિયા–રૂપિયા. ધર્મ સાથે પૈસો એટલો વણાઇ ગયો છે કે બન્ને ને અલગ તારવવું મુશ્કેલ છે. અલગ અલગ પંથના બાબાઓનો ખજાનો કરોડો રૂપિયાથી ઉભરાય છે. અનાચાર એટલો આચરે છે કે ભલભલાના કાળજા કંપી જાય. એમના કુકર્મો જોતા પણ ભક્તોની સંખ્યા વધતી જ જાય છે એની ખબરજ પડતી નથી.

આજે ધર્મ સાથે દયા–કરૂણા નહીં પણ દંભ અને દેખા દેખી જોડાઇ ગઇ છે. દાનની સાથે પોતાની વાહ વાહ જોઇએ છે. આપણે ધર્મ અહિંસા અને પરિગ્રહનો માર્ગ બતાવે છે. મહાવીર સ્વામીએ પોતાનો બધો વૈભવ ત્યાગીને સંયમનો માર્ગ અપનાવ્યો અને આપણને પણ ચીંધ્યો હતો. પણ શું ખરેખર એ પગદંડી પર આપણે પગ મુકયો છે? આજે આપણે ખાલી ભવ્યાતી ભવ્ય દેરાસરો બંધાવવા અને ઉંચામાં ઉંચી બોલી બોલી ને ધર્મમાં વાપર્યુ કહી ને રાજી થઇએ છીએ. પણ શું એમા વિવેક બુદ્ધિનો ઉપયોગ થાય છે? ભગવાન તો ભાવના ભુખ્યા છે. એમને ઉંચા મહાલયો જેવા દેરાસરોની જરૂર નથી.

હજી આપણને શિક્ષણ, આરોગ્ય, જીવદયા ક્ષેત્રે આગળ વધવાની જરૂર છે. એમાં પ્રગતી કરી છે. પણ હજી જોઇએ એવી જાગૃતી નથી આવી. પર્યુષણ પર્વમાં દેવદ્રવ્ય ઘણુ ભેગુ થાય છે. એનો ઉપયોગ ખાલી દેરાસરોમાં ન કરતા આવા ક્ષેત્રે પણ થવું જોઇએ.

પ–૬ વરસના બાળકો અઠ્ઠાઇઓ અને એનાથી ઉગ્ર તપ કરે છે. અને આપણે વાહ વાહ કરીએ છીએ. હજી તો માંડ માંડ ખાતા શીખ્યા હોય. મમ્મી કોળીઓ લઇ પાછળ પાછળ ફરતી હોય એવા બાળકો તપ કરે ને આપણે પ્રભુની કૃપા કહીને રાજી થઇએ, એ શું બાળકો પર અત્યાચાર નથી? આપણા તપ ઉગ્ર હોય છે. નાના બાળકોના આરોગ્ય માટે હાનીકારક પણ થઇ શકે છે. ધર્મ ગુરૂઓને પોતાનો તપસ્યાનો સ્કોર વધારવા બાળકોને આમાથી બાકાત રાખવું જોઇએ. સિકંદરાબાદની દિકરીનો ઉગ્ર તપનો કિસ્સો હજી તાજો જ છે.

સંસારમાં સાર–અસાર શું છે? દુનિયાદારી શું છે? સંસારનો તડકો છાંયડો અનુભવ્યુ નથી એવા બાળકોને દિક્ષા અપાય તો એની અનુમોદના કરવા કરતા વિરોધ કરવો જોઇએ. પોતાનો સંઘાડો વધારવા ૧૮ વરસથી નાની વયના બાળકોને ધર્મગુરૂ એ જ દિક્ષા ન આપવી જોઇએ.

હમણા એક જાણીતા અબજોપતી પતિ–પત્ની ૩ વરસની બાળકી ને છોડીને દિક્ષા લેવા થનગની રહ્યા છે. પણ ૩ વરસ ની દિકરી ને છોડી દિક્ષા લેવાનો શુ અર્થ છે. પોતાની મિલ્કતના આધારે દિકરીને બીજાના ભરોસે ન છોડી શકાય. સંસારમાં રહીને પણ સંયમનો માર્ગ અપનાવી શકાય છે. દિકરીને તરછોડીને એ શું મોક્ષ પામવાના છે?

હમણાં એક વાક્ય વાંચવામા આવેલ કે જે દેશના ધર્મસ્થાનો તેના શૈક્ષણિક સંકુલ કરતા વૈભવી અને અત્યાધુનિક બનવા લાગે તો સમજવુ કે તે પ્રજા મુર્ખતા તરફ અને દેશ અધોગતી તરફ આગળ વધી રહ્યો છે. બહુજ અર્થપૂર્ણ વાક્ય છે. હવે આપણને જ સમજવાનુ છે કે ઘેટાચાલ (એક ઘેટા પાછળ બધા ઘેટા ચાલે) ચાલવી છે કે આપણે નવી કેડી કંડારવી છે...

**For DIWALI Chocolate packing & Dry Fruit packing available.**

Contact : Kalpana Dedhia - 93470 94044

(જા. ખ.)

*You are beautifuL... we just compliment it !*

**Air Brush & HD Make-up**

# abha
be gorgeous

**Bridal Pre Bridal Services**

## SALOON & MAKE-UP STUDIO

by Bhavini Patel

**Fresh Batch Starting from 1st March for**

| SELF GROOMING COURSE | PROFESSIONAL MAKE-UP COURSE | PROFESSIONAL HAIR STYLE COURSE |
|---|---|---|

3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,
Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com
Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed

(જા.ખ.)

**ALSO AVAILABLE BRIDAL JEWELLERY FOR RENT**





# R.S. BANDHANI HOUSE

## કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

# હવે બનાવીએ માનવ મંદિરો

લી. 'અજ્ઞાની' મહેન્દ્ર વોરા

**પ્રિય વાંચકો આ લેખ વાંચતા ધાર્મિક ભાવના સાથે વાસ્તવીકતાથી વિચારીયે**

હાલમાં આપણા જૈન સમાજની આર્થિક રીતે સારી એવી પ્રગતિ થઈ છે. સમગ્ર દેશમાં જૈનોના નામ આદરથી લેવાય છે. કારણ કે, જૈનો તરફથી સતત દાનની ગંગા વહી રહી છે. આપણા સાધર્મિકો સામાજીક ત્થા ધાર્મિક સંસ્થાઓમાં ઉદાર દિલે પૈસા વાપરી રહ્યા છે, સારી વાત છે. પણ હવે એમાં થોડો સુધારો કરવો અત્યંત જરૂરી છે ખાસ કરીને ધાર્મિક સંસ્થામાં ખૂલા હાથે દાન મળી રહ્યા છે જેના કારણે મંદિરોનો નિભાવ ખર્ચ સરળતાથી થાય છે. જેના કારણે દેશભરમાં ને ખાસ કરી ગુજરાત – રાજસ્થાનમાં અનેક સ્થળે નવા નવા રમણીય મંદિરોના નિર્માણ થઈ ગયા છે ને હજુ પણ બની રહ્યા છે જેમા પ્રભુજીની સુંદર અલૌકિક પ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ થાય છે. રોડ માર્ગે જઈએ છીએ ત્યારે હાઈ વે નજીકમાં દર ૭૦.૮૦ કી.મી. પર એક મંદિરના દર્શન થાય છે જેમાં ઘણી જગ્યાએ રહેવા જમવાની સગવડો હોય છે. આપણે જૈન હોવાનો ગૌરવ થાય છે કે આપણને આ સગવડો સરળતાથી મળી રહે છે જે ખરેખર ભાગ્યેજ બીજી કોઈ ધાર્મિક સંસ્થાઓમાં જૈનો જેટલી સગવડ હોય છે.

આ બધું જોઈને વિચાર આવે કે આખા દેશમાં જૈનોની વસ્તી કેટલી ? ને એની સામે મંદિરો ને તીર્થોની સંખ્યા ગણ્યા ગણાય નહીં એટલા બધા! શું હજુ પણ વધારે મંદીરોની જરૂર છે ? ભવિષ્યમાં જેટલી સંસ્થાઓ છે એની સંભાળ કોણ લેશે ? આવનારી નવી પેઢીને પોતાના જીવનમાં સ્થિર થવા ઘણોજ સંઘર્ષ કરવાનો છે વધતી જતી હરીફાઈમાં ને જીવન શૈલીના ખર્ચ ને પહોંચી વળવા ઘણી મહેનત કરવી પડશે. વળી સંયુક્ત કુટુંબો તુટવા લાગ્યા છે. તેથી એ માનસિક રીતે પણ હતાશ રહેશે. આવા સંજોગોમાં એ પોતાનો ઘર સંસાર સંભાળવામાંથી ઉચોં નહી આવે એ વ્યક્તિ સામાજીક ને ધાર્મિક સંસ્થાઓથી વિમુખ થતો જાય છે તો આ મંદિરોને તીર્થોનો ભવિષ્ય શું ? નવા નવા કલાત્મક મંદિરો સામે જૂનાની હાલત ખંડેરો જેવી થતી જાય છે ત્યાં કોઈ આવજા નહી રહેતાં કફોડી હાલતમાં જૈન સ્થાનોની દશા થઈ ગઈ છે.

પંદરેક વર્ષ પહેલાં અંબાજીથી માઉન્ટઆબુ તરફ રસ્તા માર્ગે જઈ રહ્યા હતા રસ્તામાં એક નાનકડા ગામ પાસે જૈન તીર્થનો નાનો બોર્ડ વાંચ્યો, થયું ચાલો દર્શન કરી લઈએ. ઉનાળો હોતાં ફળીયા સુમ સામ હતાં. એક વૃધ્ધ મળ્યા એમને જૈન મંદિરની પુછા કરી. પહેલાં તો એ ભાઈ અમને જોતાં જ રહ્યા પછી કહ્યું આગળની ગલીમાં એક નાની દુકાન છે એમની પાસે મંદિરની ચાવી છે ત્યાં જઈ ચાવી લઈ ને મંદિરના દરવાજો ખોલ્યો. ખોલતાંની સાથે એટલી દુર્ગંધ આવી કે ઉભા ન રહી શકાય. થોડી ક્ષણો પછી અંદર ગયા તો આદમ કદની (કુલપાકજી માં છે તેવી) પ્રતીમાઓ જોઈને અચંબોમાં પડી ગયા, છ સાત પ્રતીમાઓ હતી બે ખંડિત હતી, મન ખીન્ન થઈ ગયું. મંદિર બંધ કરી આવી દુકાનવાળાને ચાવી સોંપતા પુછા કરીતો કહ્યું કે જેમણે મંદિર બનાવ્યો હશે એમના વંશજો તો  છેલ્લા આઠ દસ વર્ષથી આવ્યા નથી, બાજુ ગામમાં એક મહારાજ છે જે ક્યારેક આવીને સાફ સફાઈ કરી જાય છે.

આગળ ચાલુ...

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)
ફીણીયા લાડુ
નાચણી (રાગી), ખજુર લાડુ (સુગર ફ્રી)
અલશી મખાના લાડુ (કેલશિયમ-વિટામીનથી ભરપુર)
ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)
ઓટસ મખાના લાડુ
ગુલકન રાજગીરી લાડુ (ફરારી લાડુ)
ગોળ પાપડી
ગોળીયા લાડુ
અડદિયા પાક (શિયાળુ પાક)
કોકોનેટ બિસ્કીટ
સાંગલીના ભડંગ
શીંગદાણાની ચટણી
સિકંદરના ખારી સીંગ
સિકંદરના ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદર

**સ્પેશીયલ ખાખરા : મસાલા ખાખરા મેથી મસાલા ખાખરા**
**ચોરાફળી ખાખરા સાદા ખાખરા**

*Contact :* **PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

**PRAVIN CHHEDA - 89857 59320**
**PREMILA CHHEDA - 90146 66932**

(જા.પ.)

આ ગામમાં તો કોઈ જૈન છે નહીં.... કેવી કરૂણતા કે જ્યારે આ તીર્થ બન્યુ હશે ત્યારે તેની કેટલી ભવ્યતા હશે ને હમણાંની હાલત જોઈને આઘાત લાગે કે આપણા તિર્થંકરોની કેટલી ઉપેક્ષા. બે ત્રણ કલાકે રાણકપૂર પહોચ્યાં ત્યાંની મંદિરની ભવ્યતા ને કોતરણી જોઈ અહોભાવ જાગ્યોને અનાયાસે બન્ને મંદિરોની સરખામણી થઈ ગઈ...

મોટા શહેરો અને નાના નગરોમાં જ્યાં જૈનોની વસ્તી છે ત્યાં દહેરાસર ઉપાશ્રય વગેરે જરૂરી છે જ્યાં નિયમીત સેવા પુજા થાય અનુષ્ઠાનો થાય ને ધર્મની ગરીમા જળવાય પણ આમ ઠેકઠેકાણે મંદિરો ઉભા કરવાથી એનો મહિમા નથી રહેતો ને સમય જતાં આકર્ષણ ઘટી જાય છે. તેના કારણે ધર્મની આશાતના થાય છે.

માટે હવે ચાલો માનવ મંદિરોના નિર્માણ કરીયે, ઘણા મધ્યમ વર્ગના આપણા સાધર્મિકો ઘર વગર આમથી તેમ ભાડાના મકાનોમાં ઠેબા ખાય છે. મુંબઈ જેવા શહેરોમાં તો ૧૧ મહીને ઘર ખાલી કરવા પડે છે અથવા ફરીથી એગ્રીમેન્ટ થાય છે. પાંચેક વર્ષ પહેલાં ડોમ્બીવલીમાં નવનીત નગરના એક ભવ્ય રહેણાંક નિર્માણ થયો. અંદાજે ૫૫૦ કુટુંબોને ઘર મલ્યા. હજુ આવી યોજનાઓ મુંબઈ ને અન્ય શહેરોમાં જ્યાં જૈનોના ઘર છે ત્યાં થાવી જરૂર છે. એ પછી શાળા કોલેજોને હોસ્પીટાલોની પણ એટલીજ જરૂરીયાત છે જેના થકી આપણા સાધર્મિકને રાહત મળી રહે. આવા માનવ સેવાના કાર્યને જો ધર્મ ગુરૂઓ ને આચાર્યો પ્રોત્સાહન આપે તો એ દિવસ દૂર નથી કે એક એક જૈન પોતીકા મકાન માં હોય... આખરે તો

**'જેના હૃદયમાં રામ એને બાહ્ય મંદિરોનું શું કામ'**


# ARIHANT STORES
## Dry Fruits & Indore Namkeen

**OUR RANGE**

**• Ratlami Sev • Laung Sev • Garlic Sev • Ujjaini Sev • Kurkure Sev • Khata-Mitha Mixture • Madrasi Spice Mixture • Maharaja Mixture • Nadiyadi Bhoosa • Chatpata Bhusa • Methi Ghantiy • Burharpuri Ghatiya • Bhavnagri Ghantiya • Shahi Chiwda • Pune's Laxminarayan Chiwda • Wafers Toast • Pune's Malpani Khari • Roasted Kothmir Chiwda • Jabson's Chikki, Jalson's Chana (Bharuch Famous) • Soya Sticks • Pizza Sticks • Sangli's Famous Bhadang • Chheda's Kachori, Samosa, Bhakarwadi, Banana Chips etc. • Soan Papdi • Indore Rasgulla • Karachi Bakery products and many more eatables.**

**HAUMOR ICE CREAMS also Available**

*• Cups • Cones • Kulfi • Family Packs • Ice Cream Tubs • Ice Cream Cakes.*

**# 3-4-777/2, Opp TVS Showroom, Near CC Shroff Hospital, Barkatpura, Hyd - 27.**

**Ph :: 90000 06323** (જા.ખ.)



પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
(જા.ખ.)
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

# ITS A QUIZ TIME
..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652



Most of the people have given correct answer as **24 TRIANGLES**. I give below the answer, marking the triangles.




1) ADE 2) AEF
3) AFG 4) ADF
5) AEG 6) ADG
7) ABH 8) AHI
9) AIC 10) ABI
11)AHC 12) ABC
13) GFK 14) GEJ
15) GDB 16) BHJ
17) BIK 18) BCG
19) ABJ 20) AJK
21) AKG 22) ABK
23) AJG 24) ABG

The persons who have given correct answers are :

Ankita umesh Mota
Bharati K. Dharod
Dipti Atul Sayla
Dhrupti Himesh Kumar Dodhia
Fenila Jayantilal Shah
Femi Gada
Geeta Hanskumar Shah
Hetvee Ravindra Gosar
Heena Vijay Dedhia
Khiresh Naveen Nagda
Mehak Dand
Mythri Sunil Chedda
Mayank Ajay Shah
Nirali Nimit Shah
Neena Dharod
Priyansh Maru
Roma Niren Furia
Saurabh Nitin Gada
Vaishali Hitesh Heniya
Veena K. Gosar
Yashita Dedhia

**QUIZ FOR THE MONTH :**

An outline picture of a man's face is given below :



**WHAT IS WRITTEN IN THIS PICTURE ?**

Send your answer by Whatsup to the above mentioned mobile Number. You can also send your reply in writing and give it in the Mandal's Office. Good luck to you all.

Contd.... **Other Answers...**

Aditya Prasanth Gajra ...... 12
Ajit Kumar Mota ............... 23
Chaitali Shah .................... 11
Chandrika Savla .................. 9
Dersh N. Vora ................... 21
Dev & Heer ....................... 16
Hasti Paresh Savla ........... 13
Jayant Vora ...................... 16
Kalpana Dedhia ................ 23
Mohit Hiten Dedhia ............. 9
Nidhi Fenila Chedda ......... 21
Ritika Lalit Lodaya Shah ... 11
Rachana Shah .................... 8
Rupal Savla ...................... 17
Swayam Vora ................... 26
Tarachand Heniya ............. 69
Yogesh M. Chawda .......... 17
Yukta Manoj Heniya ......... 23

Congratulaitons to all

Estd. : 1974
Gandhi Jayanti

Tel : 040-6673 5331
2475 5331
7 am to 8 pm

9246182484
11 am to 7 pm

# GANDHI GYAN MANDIR YOGA KENDRA

INVITES YOU ALL (YOUND AND OLD)
WITH FAMILY AND FRIENDS (LADIES & GENTS)
THROUGH ANCIENT & YET NEW SCIENCE OF YOGA
WEBSITE : YOGASIMPLIFIED.COM, EMAIL : YOGANAND4U@YAHOO.CO.IN

- ✓ Internationally reputed Yoga Institute with "World Record" of 43 years of Continuous Yoga Practice Without A single Holiday.
- ✓ More than 4 Lakhs people trained to practice Yoga for happy & Healthy life in 12 Batches daily from 4 am to 8 pm
- ✓ More than 2000 teachers trained to serve all over the world in 90 Batches.

## LADIES, GENTS & CHILDREN LEARN & PRACTICE YOGA

*To look & feel young and energetic.....*
*To make the body slim, trim and flexible.....*
*To Increase physical fitness, resistance power, stamina and Self-Confidence.....*
*To improve memory, will power, concentration and peace of mind.....*
*To develop mental powers and spirituality.....*
*To reduce anxiety, depression, fear, tension, stress, strains and negative thoughts.....*
*To stop smoking & drinking habits.....*
*For a complete positive change in way of life.....*
*To prevent, control and cure many disease like.....*




(જા.ખ.)

LEARN - SERVE - EARN BY BECOMING QUALIFIED YOGA TEACHER
91ST BATCH FROM 15-10-2017

# Yummy Tummy

## Dosa Plaza

**Varieties of Mumbai Famous Special Dosa's Available Made on Coal Stove**

- Jini
- Chopsey
- Dilkush
- Noodles
- Schezwan
- Paneer Chilly
- Mysore Masala
- Manchurian

"and many more delicious options"

★ Hygienic
★ Good Quality
★ Delicious &
★ Pure Vegetarian

Jain Dosa's Available

# 4-4-930/A, Opp. H.V.S. High School, K S Lane, Beside Royal Plaza, Hanuman Tekdi Lane, Sultan Bazar, Hyderabad - 500095 (T.S.)

Chintan Shah
Cell: 9985098895

Email : yummytummydosaplaza@gmail.com
www.yummytummydosaplaza.com
Find us on fb@facebook.com/yummy.tummy.dosa

**We undertake Catering Orders**

(જા.ખ.)



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,

કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. એવીજ રીતે દર મહીનાના ત્રીજા રવિવારે કાચીગુડાથી શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે બસની વ્યવસ્થા છે. નકરો રૂા. ૫૦/– વ્યક્તી દીઠ તથા બસના લાભાર્થી માટે નકરો છે રૂા. ૫૧૦૦/–. આવા સુંદર આયોજનનો જરૂરથી લાભ લેશો તથા અન્યને પણ લાભ લેવા અનુમોદીત કરશો.

રવિવાર તા. ૩–૯–૨૦૧૭ ના ચૈત્ય પરિપાટીનું આયોજન હતું. પરંતુ અનીવાર્ય સંજોગોમાં આ કાર્યક્રમ રવિવાર તા. ૧૦–૯–૨૦૧૭ ઉપર મુલતવી રાખવામાં આવેલ હતું. એક બસના જ યાત્રિકોએ નામ લખાવેલ. ચૈત્ય પરિપાટીના હૈદરાબાદ–સિકંદરાબાદના લગબગ ૧૦ મંદિરોની બધાને દર્શન કરાવેલ. વિધિકાર શ્રી દેવેન્દ્ર પટનીના સથવારે સર્વ મંદીરોમાં દેવદર્શન સામુહિક ચૈત્યવંદન, થાળ ચઢાવવાનું કાર્યક્રમ વિધિસર પરિપૂર્ણ થયેલ. જે મંદિરમાં ગુરૂ ભગવંતોની નિશ્રા હોય ત્યાં ગુરૂવંદનનો પણ લાભ લેવામાં આવેલ એટલી વિધી વિધાન યુક્ત ચૈત્ય પરિપાટી અમોએ પહેલીવાર લાભ લીધેલ એવા ભાવિકોનું પ્રતિસાદ હતો.

બસની વ્યવસ્થા માટે શ્રી તુષારભાઈ કારાણી – રૂા. ૨૫૦૦/–,

માતુશ્રી પાનબાઈ ખીમજી મામણિયા હઃ શ્રી રાજુભાઈ રૂા. ૨૫૦૦/–, એક સદ્ ગૃહસ્થ – રૂા. ૨૫૦૦/–

સવારની નવકારશી શ્રી ચારકમાન મંદિરમાં કરવામાં આવેલ જેના લાભાર્થી : માતુશ્રી હિરાબેન નરશી દંડ હતા (રૂા. ૫૦૦૦/–), બપોરની ગૌતમ પ્રસાદની ગોષામહેલ મંદિરમાં કરાવવામાં આવેલ. લાભાર્થી : માતુશ્રી રાજબાઈ પદમશી મોતા, હઃ દિલીપભાઈ મોતા હતા. સાંજનો ચૌવિહાર ચૈતન્યપુરી મંદિરમાં કરવામાં આવેલ. લાભાર્થી : માતુશ્રી ચંપાબાઈ હેમરાજ મૈશેરી, હઃ શ્રી જયચંદભાઈ મૈશેરી હતા.

ગેટ ટુ ગેદર નું કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ. અને સર્વે લાભાર્થી પરિવારનું સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમનાં સફળ સંચાલન માટે ભાવિકોએ સંચાલકને વધાવી લીધેલ. ઑક્ટોબર ૨૦૧૭નાં પહેલા રવિવારે દસેરા તથા ત્રીજા રવિવારે દિવાળી છે. માટે બિજા રવિવારના તા. ૮–૧૦–૨૦૧૭ નાં શ્રી કુલપાકજી તીર્થ યાત્રા હશે. અને ચોથા રવિવારે તા. ૨૨–૧૦–૨૦૧૭ નાં મેડચલ તીર્થ યાત્રાનું આયોજન છે. જેની સર્વે ભાવિકોએ નોંધ લઈ લાભ લેવા વિનંતી.

દિસંબર ૧,૨ તથા ૩ ૨૦૧૭ ના શ્રી કુંભોજગિરી યાત્રાનું આયોજન થઈ ગયેલ છે. ટિકટો આવી ગયેલ છે. હજુ પણ કોઈને આ યાત્રામાં જોડાવું હોય તો સંચાલકનો સંપર્ક કરવા વિનંતિ. આજીવન સભ્યપદ ની નોંધણી, ગરીબ ભોજન, ગૌ સેવા એવા એક ન અનેક સેવાકાર્ય યાત્રા દરમ્યાન થાય છે. જેનું અનુકુળતાએ લાભ લેવા વિનંતી.

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :**

## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી
## રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,

**ગામ મોટા લાયજા–કચ્છ, હાલ સાયન–મુંબઈ**

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

(જા. ખ.)